**ક્રમાંક–૨**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**દસમું સત્ર**
**ગુરુવાર, તા.૩જી માર્ચ, ૨૦૨૨**
**માનનીય અધ્યક્ષશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

ગુરુવાર, તા. ૩જી માર્ચ, ૨૦૨૨ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્ન અગ્રતાક્રમ ૨ નો મૌખિક જવાબ આપવામાં આવ્યો. ત્યારબાદ તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્ન અગ્રતા ક્રમ ૪ની ચર્ચા હાથ ધરવામાં આવી.

સભ્યશ્રી શૈલેષભાઇ પરમારના પ્રશ્નનો જવાબ માનનીય રાજ્યકક્ષાના ગૃહમંત્રીશ્રી હર્ષ સંઘવી આપી રહ્યા હતા ત્યારે શાસકપક્ષ અને વિપક્ષના સભ્યશ્રીઓએ સામસામા સૂત્રોચ્ચાર કરતાં અને માનનીય અધ્યક્ષશ્રીની વારંવારની વિનંતી છતાં સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવાનું અશક્ય લાગતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહને પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય ત્યાં સુધી મુલતવી રાખ્યું. (બપોરના ૧૨.૫૩)

ગેરહાજર રહેલ સભ્યશ્રીઓના પ્રશ્ન અગ્રતાક્રમ ૧ અને ૩ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૫ થી ૧૮૩ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**(મુલતવી રહેલ સભાગૃહની બેઠક બપોરના ૧.૦૦ વાગ્યે ફરી મળી)**

**૨. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**પ્રશ્નોત્તરીની પુસ્તિકામાં પૂછાયેલા પ્રશ્નોના જવાબ અંગે**

સભ્યશ્રી પુંજાભાઇ વંશે આજ તા. ૩જી માર્ચ ૨૦૨૨ની બેઠકની તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતા ક્રમ ૫, ૨૨, ૨૭, ૨૮, ૩૭, ૪૧, ૪૬, ૧૪૬ અને ૧૫૪ના એક સરખા પ્રશ્નોના જવાબ સાચા આપેલ નથી અને સરકારશ્રીએ માહિતી છૂપાવેલ છે તેવો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો. જેના પર માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નામંજૂર કરતાં જણાવ્યું કે મંત્રીશ્રીને કોઇ ચોક્કસ જવાબ આપવા ફરજ પાડી શકાય નહીં અને જો સભ્યશ્રી પુંજાભાઇને જવાબ ભૂલ ભરેલ કે ખોટો જણાતો હોય તો નિયમાનુસારની અન્ય કાર્યવાહી કરી શકે છે તેમ જણાવી સભાગૃહની આગળની કાર્યવાહી હાથ ધરવાનો આદેશ કર્યો.

**૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) સન ૨૦૨૨નો વટહુકમ ક્રમાંક–૧– સન ૨૦૨૨નો ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**માનનીય મહેસૂલ મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદી**

(૨) ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી વિનોદભાઇ મોરડીયા**

(૩) બહુચરાજી રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા(પંચાલ)**

(૪) ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય રાજ્યકક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી વિનોદભાઇ મોરડીયા**

(૫) ગુજરાત ઘેટા અને ઊન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની

સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય પશુપાલન મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ**

(૬) ધોલેરા ખાસ મૂડી રોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા(પંચાલ)**

(૭) ગુજરાત મેરીટાઇમ બોર્ડના સન ૨૦૧૯–૨૦ના વાર્ષિક હિસાબો તેમજ આ હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**બંદરો પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ**

(૮) સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ હેઠળ વીજ ઉત્પાદન, વીજ પ્રવહન, વીજ વિતરણ, ઉપરાંત ટ્રેડીંગ ઓફ ઇલેક્ટ્રીકલ પાવર એન્ડ કો–ઓર્ડીનેશન એક્ટિવિટી કરતા હોય તેવા ઉદ્યોગોમાંના તમામ રોજગારને આવશ્યક સેવાઓ તરીકે જાહેર કરતું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું તા.૧૫–૨–૨૦૨૨નું જાહેરનામા ક્રમાંક–ઘઇ/૨૦૨૨–૧૦/જીયુવી–૧૧૨૦૧૦–૨૮૬૧–ક(પાર્ટ–૨)

**માનનીય રાજ્યકક્ષાના ઉર્જા મંત્રીશ્રી મુકેશભાઇ પટેલ**

**૪. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અનુમતિ મળેલા વિધેયકો**

સચિવશ્રીએ, ચૌદમી ગુજરાત વિધાનસભાના નવમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૨૧નાં વિધેયક ક્રમાંક–૨૧, ૨૨ અને ૨૪ વિધાનસભાના મેજ ઉપર મૂક્યા.

**૫. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

**કામકાજ સલાહકાર સમિતિના તેરમા અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો તેરમો અહેવાલ સભાગૃહ સમક્ષ વાંચીને રજૂ કર્યો.

**૬. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના તેરમા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**૭. ખર્ચના પૂરક પત્રકની રજૂઆત**

માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૧–૨૦૨૨ના વર્ષ માટેના ખર્ચનું પૂરક પત્રક રજૂ કર્યું.

**૮. અંદાજપત્રની રજૂઆત**

માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૨–૨૦૨૩ના વર્ષ માટેનું અંદાજપત્ર પ્રવચન વાંચવાનું શરૂ કર્યું.

**૯. વિરામનો સમય રદ કરવા અંગે**

માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સન ૨૦૨૨–૨૦૨૩ના નાણાકીય વર્ષ માટેના અંદાજપત્ર અંગેનું અંદાજપત્ર પ્રવચન વાંચી રહ્યા હતા તે દરમિયાન માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ અંદાજપત્ર પ્રવચનનું વાચન ચાલુ રહે તે હેતુથી વિરામનો સમય રદ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો જેને વિપક્ષના દંડકશ્રી ડો. સી.જે.ચાવડાએ સમર્થન આપતાં માનનીય અધ્યક્ષશ્રીએ તદ્અનુસાર સભાગૃહની અનુમતિથી વિરામનો સમય રદ કર્યો.

**૧૦. અંદાજપત્રની રજૂઆત (ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય નાણાં મંત્રીશ્રીએ સન ૨૦૨૨–૨૦૨૩ના વર્ષ માટેનું તેમનું અધૂરું રહેલ અંદાજપત્ર પ્રવચન પૂરું કર્યું અને સન ૨૦૨૨–૨૦૨૩ના નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર ગૃહના મેજ ઉપર મૂક્યું.

**સભાગૃહ, શુક્રવાર તા.૪થી માર્ચ, ૨૦૨૨ના રોજ**
**સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૩.૦૫ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૩જી માર્ચ, ૨૦૨૨**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**